# સિવિલ કેમ્પસમાં ૧૦ માળની સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ તૈયાર થશે

**આ હોસ્પિટલમાં ૩૭૦ દર્દીઓ સારવાર લઈ શકશે, ડબલ બેઝમેન્ટમાં ૧૩૦ થી વધુ કાર પાર્ક થશે, પાંચ માળના ટ્રોમાં સેન્ટરમાં ૮ ઓપરેશન થિયેટર પણ હશે, હદય અને કીડની સંબંધિત દર્દીઓને લાભ મળશે**

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં ૬૦૦ બેડની હોસ્પિટલની બાજુમાં સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ તૈયાર થશે. પાંચ માળનું ટ્રો માં સેન્ટર અને ૧૦ માળની સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલમાં કીડની, કાર્ડીયાક, બનર્સ, ડેન્ટલ સહિતના વોર્ડ ઉભા કરવામાં આવશે. જયારે સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલમાં ૩૭૦ દર્દીઓને સારવાર આપી શકાશે, જયારે ડબલ બેઝમેન્ટમાં ૧૩૦ કાર પાર્ક થઈ શકે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવશે. જયારે સ્પેશ્યાલીટી હોસ્પિટલને ૬૦૦ બેડની બિલ્ડીંગ સાથે જોડાણ આપવામાં આવશે.

પાટનગર હોવા છતા આમ નાગરીકોને પુરતી આરોગ્ય સેવા મળતી ન હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. જયારે હદયરોગ સહિત અન્ય ગંભીર બિમારીના કિસ્સામાં પણ દર્દીઓને ચપટીમાં અમદાવાદ રીફર કરવામાં આવતા હોવાનું પણ ધ્યાને આવે છે. ગાંધીનગરમાં પણ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ કાર્યરત થાય તે દિશામાં આયોજન કરાયું છે. આ માટે છેલ્લા બે વર્ષ બજેટમાં ગ્રાન્ટ પણ ફાળવવામાં આવે છે. ત્યારે હવે ગાંધીનગર સિવિલ સંકુલમાં સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ તૈયાર કરવા માટે ગતિવિધીઓ તેજ કરાઈ છે. આ હોસ્પિટલા પ્રોજેકટને અનુલક્ષી બેઝમેન્ટની સુવિધા રાખવામાં આવશે. જેના આધારે અંદાજીત ૧૫૦ જેટલી કાર પાર્ક થઈ શકશે. આ ઉપરાંત સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલમાં નીચે જ કીડની,હદય, બનર્સ વોર્ડ, સોનોગ્રાફી,એમઆરઆઈ, એકસ-રે, ઓપીડી, સેવા પણ ઉપલબ્ધ થશે. એટલુ જ નહી ભોંયતળીયે કેન્ટીનની સેવા પણ દર્દીઓ અને સગાઓને મળી રહેશે. આ ઉપરાંત નવ માળની સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલમાં ન્યુરોલોજી, યુરોલોજી, નેફ્રોલોજી, ડેન્ટલ, સંબંધિત વિવિધ સેવાઓ અને સારવાર મળી રહે તેવી સુવિધા ઉપલબ્ધ કરાશે. આ હોસ્પિટલમાં ૩૭૦ બેડની સુવિધા ઉપલબ્ધ રહેશે. વધુમાં ૯૦ જેટલા દર્દીઓને અન્ય જગ્યાએ સારવાર આપી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવશે. ઉપરાંત પાંચ માળનું ટ્રોમાં સેન્ટર પણ બનાવવામાં આવશે. જયારે સર્જરી અને ઓર્થોપેડીકના ઓપરેશન થિયેટર પણ હોસ્પિટલમાં સામેલ હશે. આ હોસ્પિટલ તૈયાર થતા ગાંધીનગર સહિત આસપાસ જિલ્લાના દર્દીઓને લાભ મળશે.



રાજ્યના પાટનગરને ગાંધીના નામ સાથે જોડવામાં આવ્યુ છે. પરંતુ ગાંધીના નામ સાથે જોડાયેલા આ નગરમાં ખુલ્લેઆમ દારૂ મળી રહે છે. દેશી દારૂ ગાળવાની ભઠ્ઠીઓ નગરની વચ્ચોવચ હોવાની વાતો સંભળાય છે. આ ઉપરાંત શહેર નજીકથી પસાર થતી સાબરમતી નદીની કોતરોમાં દારૂ ગાળવામાં આવે છે તે કોઈ નવાઈની વાત નથી. ખુલ્લેઆમ જે શહેરમાં દારૂ ગાળવામાં આવતો હોય ત્યાં દારૂ છૂટથી મળે જ... શહેરના શ્રમજીવી યુવાનોને દેશી દારૂની લત લાગી છે તે ખુબ જ આઘાતજનક વાત છે. સાંજના સમયે દારૂના નશામાં ધૂત થઈને રસ્તામાં પડેલા આવા યુવાનો શહેરમાં ઘણા સ્થળોએ જોવા મળી જાય છે.

## યુવા દિગ્દર્શક રાજન વ્યાસ દ્વારા 'કોટેજ નંબર ફિફ્ટી ફોર' નાટકનું નિર્માણ અને દિગ્દર્શન કરાયું



ગાંધીનગર, તા. ૨૩

રાજન વ્યાસ સાબરકાંઠા જિલ્લાના પ્રતિભાશાળી યુવા કલાકાર છે અને એમણે ૧૪ ઉપરાંત નાટકો કર્યા છે. એમની પ્રતિભા જોઈને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગર દ્વારા યુવા પ્રતિભાશાળી યોજના હેઠળ તરૂણ ગોષ લિખિત 'કોટેજ નંબર ફિફટી ફોર' નાટકના દિગ્દર્શનની મંજૂરી આપવામાં આવી હતી. રાજન વ્યાસે નાટકનું નિર્માણ અને દિગ્દર્શન કરી તેના ચાર શો તા. ૨૧-૯-૨૨ના રોજ કડોલી, જાંબુડી તથા તા. ૨૨-૯-૨૨ના રોજ એકલારા અને દાવડ ખાતે સફળતાપૂર્વક રજુ કર્યો. રજુ કરેલ નાટકમાં રાજન વ્યાસે મુખ્ય ભૂમિકા પણ ભજવી હતી જ્યારે સાથી કલાકાર તરીકે એકાંશી મારફતીયા, તેજલ પંચાલ, મીના પુરાણી અને ભાવિક ભાટિયાએ અભિનય આપ્યો હતો. સેટીંગ્સ સાગર સેટીંગ્સ, સંગીત સંચાલન-કે.બી. વ્યાસ અને પ્રકાશ નિયોજન ક્રિષ્ણા પંચાલ દ્વારા કરવામાં આવેલ હતું.

## ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય રાંધેજા દ્વારા પુસ્તક પ્રદર્શન



ગાંધીનગર, તા. ૨૩

ગ્રામ શિબિર વાસન ખાતે ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, રાંધેજા દ્વારા ગાંધી વિચાર ને લગતા પુસ્તકોનું પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું આ પુસ્તક પ્રદર્શન વાસન પ્રાથમિક શાળામાં આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શાળા ના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા પુસ્તક પ્રદર્શન નિહાળીને ગાંધીજી જીવન વિશેની માહિતી મેળવી હતી. આ પુસ્તક પ્રદર્શનનું આયોજન સંકુલ ના સંયોજક ડો રાજીવભાઈ પટેલ ના માર્ગદર્શન હેઠળ ગ્રંથાલય વિભાગ ના સેવક ભરતભાઈ પરમાર, ચિરાગ પરમાર અને બિનલ?બેન શ્રીમાળી દ્વારા પુસ્તકોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

# સેક્ટર-૧૭ ખાતે ફોટો વિડિયો ટ્રેક ફેરનો પ્રારંભ

ગાંધીનગર,તા.૨૩

ચેરિટેબલ ગ્રુપ ઑફ ફોટોગ્રાફિક ટ્રેડ એન્ડ ઈન્સસ્ટ્રી એસોસિએશન (CGPTIA) દ્વારા આયોજિત ત્રિદિવસીય ઈન્ડિયા ઈન્ટરનેશનલ ફોટો વીડિયો ટ્રેડ ફેરનો આજે પ્રારંભ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર સ્થિત હેલિપેડ ગ્રાઉન્ડ ૨૩-૨૪-૨૫ સપ્ટેમ્બર ૨૦૨૨ દરમિયાન ભવ્ય ટ્રેડ ફેર યોજાઇ રહ્યો છે,જેમાં મુખ્ય અતિથી તરીકે ફુજીફિલ્મ ઈન્ડિયાના મેનેજિંગ ડાયરેક્ટર કોજી વાડા અને અતિથી વિશેષ તરીકે ઈલેક્ટ્રોનિક ઈમેજિંગ, ઓપ્ટિકલ ડિવાઈસ એન્ડ ઈન્સ્ટાક્સ ડિવિઝનના જનરલ મેનેજર અરૂણ બાબુ,સિનિયર મેનેજર

રોકાન્નો, નિકોનના જિતેન્દ્ર ચગ, ફુજીફિલ્મ ઈન્ડિયા પ્રા. લિ.ના ફોટો ઈમેજિંગ ડિવિઝનના વાઈસ પ્રેસિડેન્ટ એલ સેન્થિલ નાથન, પોનાસોનિક ઈન્ડિયાના બિઝનેસ ચીફ હર્દેપસિંઘ સારનાઅને ગુજરાત સોની ઈન્ડિયા પ્રા. લિ.ના બ્રાન્ચ મેનેજર નિરવ ગોહેલ ઉપસ્થિત રહ્યાં હતા.. આકાર એક્ઝિબિશન પ્રાઈવેટ લિમિટેડ આ ઈવેન્ટમાં એક્ઝિબિશન પાર્ટનર છે.ચેરિટેબલ ગ્રુપ ઑફ ફોટોગ્રાફિક ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી એસોસિએશન(CGPTIA)ની રચના ગુજરાતમાં કામ કરતા ફોટોગ્રાફી સંબંધિત પ્રોડક્ટ્સ અને સર્વિસિસ આપતા વેપારીઓ, વિતરકો, આયાતકારો અને ઉત્પાદકો દ્વારા કરવામાં આવી છે. સીજીપીટીઆઈએ ફોટોગ્રાફર્સ માટે એક્ઝિબિશન, શિક્ષણ અને તાલિમ, વેલ્ફેર સહિતની પ્રવૃતિઓનું આયોજન કરે છે. સીજીપીટીઆઈ વર્ષ ૨૦૧૧થી નિરંતર ઈન્ડિયા ઈન્ટરનેશનલ ફોટો વીડિયો ટ્રેડ ફેરનું આયોજન કરી રહ્યું છે.




ચેરિટેબલ ગ્રુપ ઑફ ફોટોગ્રાફિક ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી એસોસિએશન દ્વારા ઈન્ડિયા ઈન્ટરનેશનલ ફોટો વીડિયો ટ્રેડ ફેરનું આયોજન કરવા પાછળનો હેતુ ફોટોગ્રાફરર્સને પ્રોડક્ટ્સ અને સર્વિસિસ સાથે અવગત કરવા અનેતેમને ઉદ્યોગના નવા જ્ઞાન સાથે અપડેટ કરવા માટેનો રહેલો છે. એસોસિએશન દ્વારા દર વર્ષે ઈન્ડિયા ઈન્ટરનેશનલ ફોટો વીડિયો ટ્રેડ ફેરનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પ્રદર્શનની ૧૦મી આવૃત્તિ હેલિપેડ ગ્રાઉન્ડ, ગાંધીનગર ખાતે ૨૩-૨૪-૨૫ સપ્ટેમ્બર ૨૦૨૨ દરમિયાન આયોજિત થઈ રહી છે. આ ટ્રેડ ફેરને સફળત્તમ બનાવવા માટે વધુને વધુને લોકો આ એક્ઝિબિશનની મુલાકાત લે તે માટે સીજીપીટીઆઈએ ટીમ દ્વારા આહ્વાન કરવામાં આવ્યું છે.

એક્ઝિબિશનમાં નિકોન, ફુજીફિલ્મ, સોની, પેનાસોનિક અને અન્ય જેવી તમામ મોટી કંપનીઓ પ્રદર્શનમાં ભાગ લઈ રહ્યાં છે. જેથી એસોસિએશન પહેલેથી જ ૨૦૦ એક્ઝિબિટર્સ ધરાવે છે અને દેશભરમાંથી ૨૫થી૩૦૦૦૦ ફોટોગ્રાફરો એક્ઝિબિશનની મુલાકાત લેશે તેવી અપેક્ષા ધરાવે છે.છેલ્લા ૨ વર્ષમાં કોવિડના કારણે આટલા મોટા પાયે ટ્રેડ ફેરનું આયોજન થઈ ન શક્યું હોવાથી એક્ઝિબિશનને લઈને ફોટોગ્રાફરોમાં ઉત્સાહની લહેર જોવા મળી રહી છે. એક્ઝિબિશનમાંથી એકત્રિત વધારાના ભંડોળનો ઉપયોગ શિક્ષણ આપવા, સર્જનાત્મક અને લાઈવ વર્કશોપનું આયોજન કરવા અને ગુજરાતના ફોટોગ્રાફરોના કૌશલ્યો વધારવા વિશે વધુ જાણકારી પ્રાપ્ત કરવા જેવા ફોટોગ્રાફરોના કલ્યાણ માટે કરવામાં આવે છે. જે અંતર્ગત એસોસિએશન દ્વારા શૈક્ષણિક વર્કશોપનું આયોજન કરીફોટોગ્રાફરર્સને દેશભરના નિષ્ણાત ફેકલ્ટીઝ દ્વારા પ્રોડક્ટ્સ, સર્વિસિસ પર નવા સોફ્ટવેર અંગેનું શિક્ષણ અને તાલિમ આપવામાં આવે છે. આ ઉપરાંત, એસોસિએશન૫૦ વર્ષની વય વટાવી ન હોય તેવા મૃતક ફોટોગ્રાફર્સના મૃત્યુ સમયે તેમના પરિવારને મૃત્યુ લાભ આપે છે, આ માટે ફોટોગ્રાફર ગુજરાતના કોઈપણ ફોટોગ્રાફી એસોસિએશનના સભ્ય હોય તે જરૂરી છે.એસોસિએશન સાથે સંકળાયેલા તમામ ફોટોગ્રાફર્સ પોતાના ટ્રેડ ફેરને સફળતા મળી રહે તે માટે મહેનત કરી રહ્યાં છે, ત્યારે આ ટ્રેડ ફેરને વૈશ્વિક ઓળખ મળે તે ખૂબ જ મહત્વનું બની જાય છે. આ માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અગત્યનો ભાગ ભજવતા હોવાથી સીજીપીટીઆઈએ આ ટ્રેડ ફેર દરમિયાન વેબસાઈટ લૉન્ચ કરી રહ્યું છે, તેમજ યુટ્યુબ, ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક જેવા વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર પણ પોતાની ઉપસ્થિતિને વિશ્વ ફલકે પહોંચાડી રહ્યું છે. આ પ્રકારની પહેલને દેશમાં પ્રથમ અપનાવનાર એસોસિએશન બની ગયુ છે.

## ચિલોડા ખાતે શક્તિ કેન્દ્રની બેઠકમાં બુથ લેવલ અંગે માર્ગદર્શન અપાયું



ગાંધીનગર, તા. ૨૩

ચિલોડા ખાતે ભાજપ શક્તિ કેન્દ્રની બુથ લેવલના કાર્યકરોની બેઠક પૂર્વ સાંસદ અને પ્રભારી જયશ્રીબેન પટેલ, એસ.પી. ઠાકોર, આઈ.બી. વાઘેલા, શંકરસિંહ રાણા, રાકેશ પટેલ, લાલભાઈ ચૌધરી સહિત અન્ય હોદ્દેદારો કાર્યકરોની બુથલેવલની બેઠક પૂર્વ સાંસદ અને પ્રભારી જયશ્રીબેન પટેલની ઉપસ્થિતિમાં પક્ષની સંગઠન મજબૂત બને અને બુથ પ્રમાણે મતદાન વધુ થાય અને સર્વે સમાજનો સાથ-સહકાર મળે તેવા ઉમદા કાર્ય થકી સંપર્કો વધારી અને સરકારની કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને સાચી માહિતી મળે તેવા સંપર્કો સાધી પક્ષીય કામગીરીની સક્રિયતા લાભાન્વિત અને જાગૃતતા કેળવવા આહવાન કર્યુ હતુ. આ બેઠકમાં યુવા મોરચાના મહામંત્રી જૈમિન પટેલ, કિસાન મોરચાના સક્રિય કાર્યકરો, ડી.કે. ઠાકોર, સંજયજી ઠાકોર, દિનેશભાઈ પટેલ, નટુભાઈ પટેલ પત્રકાર અને મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## રામકથા મેદાન ખાતે રવિવારે રોહિત સમાજનું મહાસંમેલન

ગાંધીનગર, તા.૨૩

સંત શ્રી રોહિદાસ સેવા સમાજ (ગુજરાત)ગાંધીનગરના ઉપક્રમે રાજયના રોહિત સમાજનું મહાસંમેલન તા.૨૫ સપ્ટેમ્બરને રવિવારના રોજ સેકટર-૧૧ રામકથા મેદાન ખાતે સવારે ૧૦ થી ૩ કલાક દરમિયાન યોજાશે. સમાજની સંગઠન શકિતમાં નવી ઉર્જાનો સંચાર કરવા સામાજીક શૈક્ષણિક અને સમાજલક્ષી વિચારોના આદાન-પ્રદાનના હેતુ માટે આ મહાસંમેલનનું આયોજન કરવામા આવ્યું છે.સમાજના ગોળ, પરગણાના આગેવાનો, સમાજના દાતાઓ સહિત સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહેશે તેમ રોહિદાસ સેવા સમાજના પ્રમુખ ડાહ્યાભાઈ બી પરમારે જણાવ્યું છે. જયારે સંમેલનના અધ્યક્ષ તરીકે ગૌતમભાઈ પરમાર (સરગાસણ), ઉદ્ઘાટક તરીકે ગણપતલાલ જી ચાવડા (ઉદ્યોગપતિ, ઓગણ) મુખ્ય મહેમાન તરીકે મહિલા અને બાળ વિકાસના મંત્રી મનિષાબેન વકીલ, ધારાસભ્ય આત્મારામ પરમાર, જીગ્નેશ મેવાણી, ધારાસભ્ય ગાંધીનગર ડો.સી.જે.ચાવડા તેમજ દાતાઓ, સાધુ-સંતો, પણ વિશેષ હાજર રહેશે. જયારે સંમેલનને સફળ બનાવવા માટે સંસ્થાના હોદેદારો, કારોબારી સભ્યો, પૂર્વ હોદેદારો, આજીવન સભ્યો, સમાજના આગેવાનો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

## ખાનગી એજન્સીના કર્મચારીઓનું મંગળવારે આંદોલન

ગાંધીનગર, તા.૨૩

સમગ્ર રાજયમાં કરાર આધારીત અને આઉટસોર્સિંગ હેઠળ ફરજ બજાવતા કર્મચારીઓનું શોષણ કરવામાં આવે છે. કારમી મોંઘવારીમાં સામાન્ય વેતનમાં પોસાય તેમ નથી. ત્યારે પગાર વધારા મુદ્દે કરાર આધારીત કર્મચારીઓ વારંવાર રજુઆત કરવા છતા આજદિન સુધી તેનો ઉકેલ આવ્યો નથી. ત્યારે આઉટસોર્સિંગ હેઠળ ફરજ બજાવતા કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. આઉટસોર્સિંગના કર્મચારીઓ આગામી તા.૨૭ સપ્ટેમ્બરને મંગળવારના રોજ છાવણી ખાતે ધરણા યોજી વિરોધ પ્રદર્શન કરશે. ગુજરાત રાજયની વિવિધ કચેરીઓમાં અલગ-અલગ કેડર હેઠળ કરાર આધારીત, આઉટસોર્સિંગ અને રોજમદાર તરીકે ફરજ બજાવતા હોય છે. ત્યારે સરકાર દ્વારા ખાનગી એજન્સીને રૂ.૧૪૦૦૦ જેટલુ મહેનતાણું ચુકવવામાં આવે છે તેમ ઓલ ગુજરાત આઉટસોર્સિંગ કર્મચારીઓ દ્વારા જણાવવામાં આવે છે. જયારે ખાનગી એજન્સી સરકાર પાસેથી પુરતા પૈસા લઈ તેઓને માત્ર રૂ.૮ હજાર ચુકવવામાં આવે છે. જયારે રાજયભરમાંથી આગામી તા.૨૭ સપ્ટેમ્બરના રોજ આઉટસોર્સિંગ કર્મચારીઓ મોટીસંખ્યામાં ઉમટી પડશે.

## શહેરમાં વિરોધ પ્રદર્શન કરતા આરોગ્ય કર્મચારીઓની અટકાયત

ગાંધીનગર, તા.૨૩

રાજયના આરોગ્ય વિભાગના કર્મચારીઓ છેલ્લા કેટલાક દિવસથી ગ્રેડ પે વધારવાની માંગ સાથે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આરોગ્ય કર્મચારીઓની હડતાળ સમેટવા માટે રાજય સરકારે પ્રયાસ કર્યા હતા. પરંતુ આરોગ્ય કર્મચારીઓએ સરકારની માંગણીઓ સ્વીકારવાનો ઈન્કાર કરી વિરોધ યથાવત રાખ્યો છે. જયારે પોલીસે વિરોધ પ્રદર્શન કરતા આરોગ્ય કર્મચારીઓની અટકાયત કરી હતી.

આરોગ્ય કર્મચારીઓએ પોતાની માંગણીઓ મુદે પ્રદર્શન કરી વિશાળ રેલીનું આયોજન કર્યુ હતું. પરંતુ તે પહેલા કર્મચારીઓની અટકાયત કરવામાં આવી હતી. આરોગ્ય કર્મચારીઓના પગારમાં વસંગતતા છે તે દુર નહી થાય ત્યાં સુધી હડતાળ યથાવત રાખવામાં આવશે. આરોગ્ય કર્મચારીઓની મુખ્ય માંગણી છે તેની સરકારે જાહેરાત કરી નથી. કર્મચારીઓની માંગણી છે કે તમામ કર્મચારીઓને ટેકનીકલ કેટેગરીમાં ન આવરી લેવામાં આવે ત્યાં સુધી હડતાળ યથાવત રહેશે. આરોગ્ય ક્રમચારીઓના પગારમાં રૂ.૪ હજાર વધારાની માંગ પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જાહેરાત કરી હતી. તે ઉપરાંત ૧૩૦ દિવસની કોવીડ ડયુટીનું વેતન ચુકવવાની પણ જાહેરાત કરી હતી.પીટીએ ફેરણ ભથ્થા અંગેની માંગ સ્વીકારી ૮ કી.મી. મર્યાદા દુર કરી હતી. ઉપરાતં સાતમાં પગારપંચ સહિતના લાભો આપવા અંગે ત્રણ દિવસમાં ઠરાવ કરવાની જાહેરાત સરકાર તરફથી કરવામાં આવી હતી. ત્યારે આરોગ્ય ક્રમચારીઓના દેખાવો યથાવત રહેતા પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. પગારની વિસંગતતા દુર નહી થાય ત્યાં સુધી હડતાળ યથાવત રહેશે તેમ કર્મચારીઓ જણાવી રહ્યા છે.

## રાંચરડા કલસ્ટર કક્ષાની પેડાગોજી તાલીમ વર્ગ યોજાયો



ગાંધીનગર, તા. ૨૩

કલોલ તાલુકાના સી. આર. સી. ભવન રાંચરડા ખાતે રાંચરડા કલસ્ટરની કુલ ૧૦ શાળાના પેડાગોજી તાલીમ નિષ્ણાંત અર્થે શિક્ષકોની તાલીમ બેઠક યોજવામાં આવી હતી. જેમાં પ્લેબોઝ, ટોટાબોઝ ટેકનોલોજી બોઝ, આઈસીટી બેઝ જેવી કુલ ૧૨ પેડાગોજી વિષયે ચર્ચા તેમજ સમજ અપાઈ હતી. નિદર્શન પાઠ દ્વારા તમામ પેડાગોજીને કેવી રીતે સફળ બનાવી શકાય તેમજ કલસ્ટરના સી.આર.સી. સીઓ અમીધરભાઈ શાહ દ્વારા બાળકોને અપાતા શિક્ષણની પદ્ધતિમાં કેવી રીતે સુધારો લાવી શકાય તે વિશે ચર્ચા કરી યોગ્ય માર્ગદર્શન અપાયુ. આજની આ બેઠક ખૂબ જ સકારાત્મક અને વૈવિધ્યપૂર્ણ રહી.




સેક્ટર-૭ ભારત માતા મંદિર ખાતે હનુમાન ચાલીસા પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. આ હનુમાન ચાલીસા પાઠને વર્લ્ડબુક ઓફ રેકોર્ડમાં સ્થાન મળશે.

## NFSU ખાતે "તસવીરો દ્વારા ગુનેગારોને પકડવા" અંગે પાંચ દિવસીય વિશિષ્ટ તાલીમનું આયોજન

ગાંધીનગર, તા. ૨૩

નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU), ગાંધીનગર દ્વારા સુપર રેકગ્નાઈઝર્સ ઈન્ટરનેશનલ, યુકેના સહયોગથી તા.૧૨થી ૧૬ ડિસેમ્બર, ૨૦૨૨ દરમિયાન "કેચિંગ ક્રિમિનલ વિથ ઈમેજ" (તસવીરોથી ગુનેગારોને પકડવા) અંગે પાંચ દિવસીય વિશિષ્ટ તાલીમ કાર્યક્રમ યુનિવર્સિટી ખાતે યોજાશે. આ એક અનોખી-વિશિષ્ટ તાલીમ છે. આ તાલીમ અંતર્ગત વ્યક્તિગત ક્ષમતાઓના વિકાસ દ્વારા વ્યક્તિના ચહેરાઓની ઓળખ કરી શકે તેવું કુશળ માનવબળનું નિર્માણ થશે.

સુપર રેકગ્નાઈઝર - શબ્દ માનવીય ચહેરાની ઓળખ અને તેને યાદ રાખવાની ક્ષમતા ધરાવતા લોકો માટે વપરાય છે. આ અંગેની તાલીમ પણ અપાય છે. આવી તાલીમ વિદેશોમાં સફળ થઈ છે ત્યારે NFSU ભારતમાં આ પદ્ધતિનો પોલીસિંગ અને ફોરેન્સિક સેટ-અપમાં ઉપયોગ કરવા માટે કુલપતિ ડૉ. જે.એમ. વ્યાસના માર્ગદર્શન હેઠળ કાર્યરત્ છે. એક અંદાજ મુજબ સુપર રેકગ્નાઈઝર ૮૦ ટકા ચહેરાઓને યાદ રાખી શકે છે, જેની સરખામણીમાં માત્ર સરેરાશ વ્યક્તિ પોતે જોયેલા ૨૦ ટકા ચહેરાઓને જ યાદ રાખી શકે છે.

આ તાલીમ કાર્યક્રમ પોલીસ, સરકારી સુરક્ષા એજન્સીઓ, સરહદી દળ અને લશ્કરી એકમો માટે CCTV અને અન્ય રેકોર્ડિંગ ઉપકરણો તેમજ પેટ્રોલિંગ દરમિયાન, ચેકપોઈન્ટ્સ અને એરપોર્ટ પર કેદ થયેલા શકમંદોને ઓળખવા માટે ખૂબ જ મદદરૂપ થશે. જેથી તેઓ શંકાસ્પદોને બહુવિધ ગુનાઓ સાથે જોડવામાં મદદ કરી શકે છે, ઓટોમેટેડ ફેશિયલ રેકગ્નિશન સિસ્ટમના તારણોમાં વધારો કરી શકે છે અને સરહદ નિયંત્રણમાં સુધારો કરી શકશે. નોંધનીય છે કે - NFSU દ્વારા એપ્રિલ-૨૦૨૨માં સુપર રેકગ્નાઈઝર્સ અંગેની પ્રથમ તાલીમ વર્ચ્યૂઅલ મોડમાં સફળ રીતે શરૂ કરવામાં આવી હતી. તેની સફળતાને ધ્યાનમાં લઈ ભારતમાં સૌપ્રથમવાર પ્રત્યક્ષ તાલીમનું આયોજન કરાશે.

## સ્પર્ધાત્મક પરિક્ષાના કલાસ ચલાવતો સંચાલક લાંચ લેતા ઝડપાયો

ગાંધીનગર,તા.૨૩

ગાંધીનગર શહેરના સેકટર-૬ ખાતે સ્પર્ધાત્મક પરિક્ષાના કલાસ ચલાવતા જ્ઞાન એકેડમીના સંચાલક મહેશ આહજોલીયા એસીબીના હાથે ઝડપાયા છે. પોલીસે બંન્ને આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના નરખડી ગામે પતરાના શેડવાળી ઓરડીઓમાં વીજ મીટર લેવાનું હતું. મીટર લેવા માટે નરખડી ગ્રામ પંચાયતમાં ઘર નંબર ફાળવવા અને જરુરી મંજુરી મેળવવા ખેડુતે અરજી કરી હતી. જેને પગલે તલાટી નિતાબેન મોકમભાઈ પટેલ દ્વારા રૂ.૧ લાખની લાંચની રકમ માંગી હતી. જયારે તલાટી વતી મહેશભાઈ અમૃતભાઈ આહજોલીયાએ લાંચની રકમ આંગડીયા મારફતે ગાંધીનગર ખાતે સ્વીકારી હતી. મહિલા તલાટીની લાંચ માંગવાના સમગ્ર પ્લાન પર્દાફાશ કરી એસીબીએ મહિલા સરકારી અધિકારી સહિત ખાનગી વ્યકિત મહેશ આહજોલીયાની ધરપકડ કરી હતી. ગાંધીનગર શહેરમાં સ્પર્ધાત્મક એકેડમીનો સંચાલક લાંચ કેસમાં નામ આવતા શહેરમાં ચર્ચાનો વિષય બની જવા પામ્યો છે. જયારે પોલીસે બંન્ને કર્મચારીઓને પકડી પાડી આગળની તપાસ હાથ ધરી છે.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.જી. અને એસ.વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૪ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે ફૂલો અને પાંદડાના ઉપયોગથી વિવિધ ચિત્રો બનાવવાની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતાં અને સુંદર ચિત્રો બનાવ્યા હતા.